# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ, સેકટર–૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેકસ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email : gmcjob2018@gmail.com


## પ્રોવિઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી દ્વારા વર્ગ–૩ કક્ષાની નીચે દર્શાવ્યા મુજબના સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા ઓગસ્ટ–સપ્ટેમ્બર ૨૦૧૮ માસમાં લેવાયેલ હતી. આ સ્પર્ધાત્મક પરીક્ષાનું જાહેરાત ક્રમાંક ૦૮, ૦૯, ૧૧,૧૨/૨૦૧૭–૧૮નું સુધારેલ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ તથા જાહેરાત ક્રમાંક ૦૭, ૧૦/૨૦૧૭–૧૮નું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ અત્રેની કચેરી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ ઓજસની વેબસાઈટ https://ojas.gujarat.gov.in તેમજ www.gandhinagarmunicipal.com ઉપર મુકવામાં આવેલ છે. આથી પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને નીચે દર્શાવ્યા મુજબની તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહીત (લાગુ પડતા હોય તે) (અસલ પ્રમાણપત્રો સહીત) ચકાસણી માટે અત્રેની કચેરીએ જાતે અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે–સમયે કોઈ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સંબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઈપણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, જેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પ્રમાણપત્ર ચકાસણીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧ | ૦૮/૨૦૧૭–૧૮ | સેનેટરી સબ–ઈન્સ્પેકટર | તા.૦૪/૦૬/૨૦૧૯ સમય સવારે ૧૧.૦૦ કલાક થી સવારે ૧૧.૩૦ કલાક સુધી |
| ૨ | ૦૯/૨૦૧૭–૧૮ | સેનેટરી ઈન્સ્પેકટર | |
| ૩ | ૧૧/૨૦૧૭–૧૮ | ટેક્ષ ઈન્સ્પેકટર | તા.૦૪/૦૬/૨૦૧૯ સમય સવારે ૧૧.૩૦ કલાક થી બપોરે ૧૨.૩૦ કલાક સુધી |
| ૪ | ૧૨/૨૦૧૭–૧૮ | સબ ઓડીટર / સબ એકાઉટન્ટ | |
| ૫ | ૧૦/૨૦૧૭–૧૮ | સીનીયર કલાર્ક | તા.૦૪/૦૬/૨૦૧૯ સમય બપોરે ૧૨.૩૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી |
| ૬ | ૦૭/૨૦૧૭–૧૮ | કલાર્ક | તા.૦૬/૦૬/૨૦૧૯ સમય સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી (નોંધ: ઓજસ અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર કલાર્ક સંવર્ગની પ્રસિદ્ધ કરેલ પ્રોવિઝનલ મેરીટયાદીમાં ટેબલ–Aમાં સમાવિષ્ટ ઉમેદવારો) |
| | | | તા.૦૭/૦૬/૨૦૧૯ સમય સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી ઓજસની (નોંધ: ઓજસ અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર કલાર્ક સંવર્ગની પ્રસિદ્ધ કરેલ પ્રોવિઝનલ મેરીટયાદીમાં ટેબલ–Bમાં સમાવિષ્ટ ઉમેદવારો) |

અન્ય સુચના:–

(૧) ઉમેદવારે સ્વખર્ચે ગાંધીનગર મહાનગરપાલિકા, બહુમાળી ભવન, પ્રથમમાળ, સેકટર–૧૧, ગાંધીનગર ખાતે સ્વયં ઉપસ્થિત થવાનું રહેશે. પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે, તે જ તારીખ/સમયે ઉમેદવારે આવવાનું રહેશે.

(૨) જો કોઈ ઉમેદવાર પ્રમાણપત્ર ચકાસણીમાં ઉપસ્થિત રહેવા ન માંગતા હોય અને સદર જગ્યા માટે નિમણુંક મેળવવા ઈચ્છતા ન હોય તો આવા ઉમેદવારે તેના રજીસ્ટર્ડ ઈમેઈલ આઈડી (જે ઓજસ ઉપર ઓનલાઈન જાહેરાત ભરતી વખતે લખેલ હતું તે) ઉપરથી અત્રેની કચેરીને gmcjob2018@gmail.com ઈમેઈલ ઉપર તે મતલબની લેખિત જાણ કરવાની રહેશે.

(૩) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે તથા દરેક પ્રમાણપત્રની બે નકલો સ્વપ્રમાણિત કરીને ઉપર દર્શાવેલ ક્રમાનુસાર રાખવાના રહેશે.

--સહી--
નાયબ મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.

સ્થળ: ગાંધીનગર
તા.૨૯/૦૫/૨૦૧૯